| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૩–૦૯–૨૦૨૧ |
| નોંધણી તારીખ | ૧૩–૦૯–૨૦૨૧ |
| ફેંસલ તારીખ | ૨૧–૦૯–૨૦૨૧ |
| સમયગાળો | વર્ષઃ માસઃ દિવસઃ<br>૦૦ ૦૦ ૦૮ |

**મહેસાણાના મે.પાંચમા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ – મહેસાણા**

ફોજદારી પરચુરણ અરજી નંબર ૧૧૬૮/૨૧

**આંક–૦૭**

અરજદાર/આરોપી... ઠાકોર સંજયજી ગોપાળજી ઉ.વ.૨૩,
રહે.કટોસણવાસ,
મેમદપુરા,તા.જોટાણા,જી.મહેસાણા.

વિ રૂ દ્ધ

સામાવાળા............... ધી સ્ટેટ ઓફ ગુજરાત.

બાબતઃ– ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૯ મુજબ ચાર્જશીટ બાદની રેગ્યુલર જામીન અરજ,

---

અરજદાર/આરોપી તરફેઃ વિદ્ધાન વકીલ શ્રી એમ.એ.પ્રજાપતિ
સામાવાળા તરફેઃ વિદ્ધાન એ.પી.પી.શ્રી બી.જી.પટેલ

---

// **ઠ રા વ** //

(૧) અરજદાર/આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૯ મુજબ રેગ્યુલર જામીન અરજી રજુ રાખી તેઓ વિરૂદ્ધ સાંથલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ

ગુના રજીસ્ટર નં.૩૧/૨૦૨૦ થી ઈ.પી.કોડની કલમ–૩૦૨,૩૬૩ મુજબનો ગુનો નોંધાયેલો જે ગુનાના કામે અરજદારની ઘરપકડ થયેલ હોઈ, જામીન મુક્ત થવા સારૂ આ અરજી રજૂ રાખી છે. ચાર્જશીટ બાદ અરજદારની આ પ્રથમ વખતની જામીન અરજી રજુ છે. આ કામે ચાર્જશીટ થઈ જતા તેનો સેસન્સ કેસ નં.૪/૨૧ થી પેન્ડીંગ છે.

(૨) **<u>ફરિયાદની ટૂંકમાં હકીકત.</u>**

(૨.૧)ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી આ કામના ફરિયાદીની પત્ની સાથે આડા સબંધો ધરાવતા હોય આરોપીએ આ બનાવના બે દિવસ પહેલા ફરિયાદીની પત્ની સાથે કઢંગી હાલતમાં આ કામે મરણજનાર જોઈ ગયેલ એટલે આ કામના આરોપી તથા ફરિયાદીની પત્ની વચ્ચેના આડા સબંઘની આ કામે મરણજનાર પોતાના ઘરમાં કે મહોલ્લામાં કોઈને વાત કરે નહી તે સારૂ આ કામના આરોપીએ આ કામના મરણજનારને તા.૩–૧૦–૨૦ ના રોજ કલાક ૧૭–૦૦ વાગ્યાના સુમારે મોજે મેમદપુર મુકામેથી આ કામના ફરિયાદીના ઘર આગળથી અપહરણ કરી મોજે મેમદપુર, તા.જોટાણા મુકામે બાલસાસણ રોડ ઉપર શીતળા માતાના મંદિરની પાછળ એરા નામથી ઓળખાતા આંટામાં ઠાકોર વિષ્ણુજી કાળુજીના કબજા ભોગવટાના તલ–જુવારના વાવેતરવાળા ખેતરમાં લઈ જઈ મોઢા ઉપર લાતથી માર મારી મરણજનારનુ ગળુ દબાવી મોત નિપજાવી ગુનો કરેલ.

(૩) **<u>અરજીની ટુંકમાં હકીકત.</u>**

(૩.૧)અરજદાર જણાવે છે કે, અરજદારે કહેવાતો કોઈ ગુનો કરેલ નથી અને અરજદારનુ નામ સદર ગુનામાં ખોટીરીતે સંડોવેલ છે. આ કામના  મરણજનારના પાડોશી મિત્ર ઠાકોર કલ્પેશજી લાલાજીનુ, રણજીત ભગાજી ઠાકોર,  મરણજનારની માતા, દાદા તથા કૌટુંબીક કાકા ઠાકોર ગણપતજી ઉર્ફે બટાજી તથા મરણજનારના પાડોશી ઠાકોર રાજુજી હરચંદજીનુ પોલીસ રૂબરૂનુ નિવેદન જોતા તેઓએ કોઈ ગુનો કરેલ નથી. તેમજ સદર બનાવ તા.૩-૧૦-૨૦ ના રોજ બનેલ છે જયારે સદર ગુનાની ફરિયાદ તા.૪-૧૦-૨૦ ના રોજ દાખલ થયેલ છે. સદર ગુનાની ગંભીરતા જોતા તથા તપાસમાં કરેલા આક્ષેપો જોતા અરજદાર આવા પ્રકારનો ગુનો કરે તેવુ માનસ ધરાવતા નથી. સદર ગુનાની એફ.આઈ.આર.માં પણ પ્રાથમીક દ્રષ્ટીએ ગુના મુજબના કોઈ તત્વો જણાતા નથી. અરજદારને લાંબો સમય જેલમાં રાખવામાં આવે તો તેઓની પ્રતિષ્ઠાને હાની પહોચે તેમ છે. ફરિયાદમાં કોઈપણ જગ્યાએ હાલના અરજદારનો રોલ નથી. નામ.સુપ્રિમ કોર્ટ જી.એલ.એચ-૨૦૧૨(૧)સંજય ચદ્રા વિ.સી.બી.આઈ.ના ચુકાદા પેજ નં.૯૩ ના ચુકાદાની હકીકતો જોતા સદર ચુકાદામાં કાચા કામના કેદીને જેલની કોટડીમાં અનિચ્છીત સમય સુધી પડી રાખવો તે બંધારણના અનુચ્છેદ-૨૧ નો ઉલ્લંઘન ગણાય તેવુ જણાવેલ છે. વધુમાં એ.સી.આર. રાજેન્દ્ર જૈન ઝરીવાલા વિ.સીબીઆઈ ૨૦૧૧ વોલ્યુમ-૧ પેજ નં.૨૮ માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાને

લેતા પણ અરજદારને જામીન મળવા પાત્ર છે. અરજદાર અરજીના મથાળે જણાવેલ સરનામે રહે છે અને જંગમ તેમજ સ્થાવર મિલકત ધરાવતા હોઈ કયાંય નાસી ભાગી જાય તેમ નથી તેમજ અરજદાર ઉપર કુટુંબની તમામ જવાબદારી છે. અરજદાર ના.કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરશે તેમ જણાવી તેઓની રેગ્યુલર જામીન અરજી મંજુર રાખવા વિનંતી કરી છે.

(૪) **સરકાર પક્ષે સોગંદ ઉપર રજૂઆત અને વિશ્લેષણ**

(૪.૧) આ કામે અરજદાર/આરોપીનુ નામ પ્રથમથી જ એફ.આઈ. આર. માં છે તેમજ અરજદાર/આરોપીએ આ કામે મરણજનારની માતા સાથેના પોતાના આડા સબંધોનુ પાપ છુપાવવા માટે કાયદો અને વ્યવસ્થાનો કોઈપણ જાતનો ડર રાખ્યા સિવાય એક માસુમ અને નિર્દોષ બાળકની ખુબ જ બેરહીમીથી નિર્મમ હત્યા કરી ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે તેમજ આરોપીએ બાળહત્યા કરી સમાજમાં ખુબ જ ધ્રુણા ઉપજે તેવો અપરાધ કરેલ છે. આ કામના અરજદાર તથા ફરિયાદી,સાહેદો એક જ ગામના એક જ મહોલ્લાના હોય હાલના અરજદાર/આરોપીને જામીન ઉપર છોડવામાં આવશે તો તે આ કામે કેસના પુરાવાને નુકશાન પહોચાડે તેવી શકયતા નકારી શકાય નહી તેમજ આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો પ્રોસીકયુશન વખતે કોર્ટમાં હાજર રહેશે નહી તેવી શકયતાને નકારી શકાય તેમ નથી તેથી આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૫) **મૌખિક દલીલો.**

(૫.૧)અરજદાર પક્ષે વિ. વકીલશ્રી એમ.એ.પ્રજાપતિ તેમની દલીલમાં જણાવે છે કે, આ કામે ચાર્જશીટ થઈ ગયેલ છે જેનો સેસન્સ કેસ નં.૪/૨૧ પડેલ છે, તપાસ પુર્ણ થઈ ગયેલ છે. અરજદાર તા.૧૦–૧૦–૨૦૨૦ થી જયુડી.કસ્ટડીમાં છે. અરજદાર નાની ઉંમરના છે અને સ્થાનીક રહેવાસી છે જેથી કયાંય નાસી, ભાગી જાય તેમ નથી, અરજદારે ફરિયાદમાં જણાવ્યા મુજબનુ કોઈ કૃત્ય કરેલ નથી, ટ્રાયલ ચાલતા ઘણો સમય જાય તેમ હોઈ રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવા અરજ કરેલ છે.

(૫.૨)વિદ્ધાન એ.પી.પી.શ્રી બી.જી.પટેલ તેઓની દલીલોમાં જણાવે છે કે, આ કામના આરોપી તથા મરણજનારની માતા વચ્ચે આડા સબંધો હોય અને આ કામે મરણજનાર તેની માતા તથા આરોપીને કઢંગી હાલતમાં જોઈ ગયેલ તે વાત બીજા કોઈને ન કરે તે સારૂ આરોપીએ મરણજનારનુ મોત નિપજાવી ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. ચાર્જશીટ બાદ કોઈ સંજોગો બદલાયેલા નથી. મરણજનારને ગાડીમાં લઈ જતા કલ્પેશજી લાલાજી ઠાકોરનુ નિવેદન જોતા પણ હાલના અરજદાર/આરોપીની સંડોવણી સ્પષ્ટ થાય છે. ભૌતીક શાખનો રીપોર્ટ જોતા પણ હાલની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૬) **નિર્ણયના કારણો.**

(૬.૧)બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆતો તેમજ અરજીમાં જણાવેલ હકીકતો અને તપાસ કરનાર અમલદારે રજુ કરેલ આંક-૦૬ નું સોગંદનામું તથા પોલીસ પેપર્સ વંચાણે લીધા. ત.ક.અમલદારશ્રીનુ સોગંદનામુ તેમજ પોલીસ પેપર્સ જોતા જણાય છે કે, હાલના અરજદાર તથા મરણજનારની માતા વચ્ચે આડા સબંધો હતા અને મરણજનારની માતા તથા આ કામના આરોપીને કઢંગી હાલતમાં મરણજરનાર બાળક જોઈ જતા બીજા કોઈને વાત કરે નહી તે માટે આરોપીએ મરણજનાર બાળકનુ મોત નીપજાવી ગુનો કરેલ છે. આ કામના આરોપીનુ પ્રથમથી જ એફ.આઈ.આર.માં નામ છે. હાલના આરોપીની સક્રિય ભુમીકા છે અને તેઓ વિરૂધ્ધ પ્રથમદર્શનીય કેસ છે. **નામદાર સુપ્રિમકોર્ટે વિરૂપક્ષપ્પા ગૌડા વિ. ધી સ્ટેટ ઓફ કર્ણાટકા, એ.આઈ.આર. ૨૦૧૭ સુપ્રિમકોર્ટ ૧૬૮૫** ના કેસમાં ઠરાવેલ છે કે ચાર્જસીટ દાખલ થવાથી સંજોગો બદલાતા નથી તેમજ એ.પી.પી.શ્રીની દલીલ છે કે, ચાર્જશીટ પછી કોઈ સંજોગો બદલાયેલા નથી. આ તમામ સંજોગોને ધ્યાને લેતા હાલના અરજદારને જામીન ઉપર મુક્ત કરવાથી તેઓ સાક્ષી પુરાવા સાથે ચેડા કરે તેવા પ્રયત્નો કરી શકે તેમ હોવાથી અરજદારની આ ચાર્જશીટ બાદની પ્રથમ વખતની રેગ્યુલર જામીન અરજ મંજુર કરવી ઉચિત જણાતુ નથી જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

# // **હુ ક મ** //

અરજદાર/આરોપી ઠાકોર સંજયજી ગોપાળજીની ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૯ મુજબની ચાર્જશીટ બાદની પ્રથમ વખતની રેગ્યુલર જામીન અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તા.૨૧મી માહે સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૨૧–૦૯–૨૦૨૧
સ્થળ : મહેસાણા

**(અન્નપૂર્ણા પરસોતમદાસ કંસારા)**
પાંચમા અધિક સેસન્સ જજ, મહેસાણા.
CODE No. GJ 00409